જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૩/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૧૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૭	૨	૧૧૩૦૯	૧૭૪૨૭	૨	૧૭૪૨૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૧	૪૭૦૩	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૩૪૫	૧૭૧	૨૯૫૧૬	૩૦૬૯૮	૧૭૫	૩૦૮૭૩
કુલ		૪૫૪૨૪	૧૭૪	૪૫૫૯૮	૫૪૬૨૯	૧૭૭	૫૪૮૦૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૧	૯,૬૩,૨૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૭૨	૭,૭૨,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન

આઈફોન ૭ પ્લસ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપી ધરફોડ ચોરીના અનડીટેક ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી “આઈ” ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:૧૮/૦૩/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ચેતનભાઈ રણછોડભાઈ બ.નં.૭૬૭૬ તથા પો.કો અજયસિંહ પ્રતાપસિંહ બ.નં.૩૮૩૨ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રામોલ શકરીબા ગાર્ડન પાસે પંચો સાથે વોચ તપાસ કરતા આરોપી પ્રેમ ઉર્ફે વિશાલ ઉર્ફે વિપુલ સ/ઓ પપ્પુભાઈ કાનજીભાઈ મારવાડી ઉવ:૧૯ રહે:મારવાડીની ચાલી કુમમકુમ હોટલની પાછળ રામદેવ પીરના મંદીરની બાજુમાં જમાલપુર અમદાવાદ શહેર ને પોતાના કબજામાં એક આઈફોન ૭ પ્લસ મોબાઈલ ફોન કીમત રૂપીયા ૩૫૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી સદરી ઈસમની પુછપરછ દરમ્યાન તેણે જણાવેલ કે તા:૧૭/૦૩/૨૧ ના રોજ વૃદાવન વાટીકા ફ્લેટ વસ્ત્રાલ ખાતે ગયેલ જ્યા ત્રીજા માળે એક મકાનનઓ દરવાજો ખુલ્લો હોય જે મકાનમાં પ્રવેશી મકાનના મુખ્ય હોલમા ટીવી કબાટ ઉપર બે પાકીટ તથા ઉપરોક્ત મોબાઈલ ફોન પડેલ હોય જે પાકીટ તથા મોબાઈલ ફોનની ચોરી કરી લઈ ગયેલ હોવાની કબુલાત કરતા સદરી મોબાઈલ ફોન ચોરી બાબતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૦૩૧૪/૨૧ ઈપીકો કલમ ૩૮૦,૪૫૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ઉપરોક્ત મોબાઈલ ફોન કબજે કરી સદરી ઈસમ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ધરફોડ ચોરીનો અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૧૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૬૨૪ લીટર દેશી દારૂ, ૧૫૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયરટીન, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૧૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૨૦/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સીટીઃ કનુભાઇ બાબુલાલ રાવલ (ઉ.વ.૭૩)(રહે.સંજય ફ્લેટ પંચવટી બીજી લેન આંબાવાડી) એ તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૭/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આંબાવાડી સેંટ્રલ મોલ સામે આવેલ ગલીના નાકે આરોપી કમલેશ રાજેન્દ્ર શર્મા (રહે.શકલ રેસીડન્સી, પોદ્દાર વિદ્યાલયની બાજુમા, ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ કનુભાઇના પુત્રને દુબઇમા નોકરી અપાવવાના બહાને કનુભાઈ પાસેથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મેળવી લઇ તેમાંથી ૫૦૦૦/- રૂપિયા પરત આપી બાકીના રૂપિયા ૪૫,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.પરમાર ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ અબ્દુલવાહીદ મેહમુદભાઈ ખત્રી (રહે.નાની રંગીલા પોળ શાહપુર) એ તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) સરફરાજ લુહાર (રહે. નાગોરીવાડ શાહપુર) (૨) હુમા શેખ અને (૩) દિનેશ સોલંકી (જે બંનેના પુરા નામઠામની ખબર નથી) એ ભેગા મળી આસ્ટોડીયા દરવાજા બેંગલોર કલેક્શનની ઉપર બીજા માળે બ્લેઝીંગ ટ્યુશન ક્લાસીસ ચલાવતા હોય અને ઓનલાઈન ટ્રેડીંગ કરતા હોય તેઓએ અબ્દુલવાહીદ તથા તેમના મિત્રોને ઓનલાઈન ટ્રેડીંગમા નફો મળવાની લાલચ આપી રોકાણ કરવાનુ કહી અબ્દુલવાહીદ પાસેથી તા.૧૪/૧૧/૨૦૧૭ થી તા.૨૬/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૬,૬૨,૦૦૦/- મેળવી લીધા હતા. ત્યારબાદ માંગણી કરતા રૂપિયા ૧,૬૨,૫૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૫,૦૦,૦૦૦/- પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.શીંગરખીયા ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૫૨૧/૨૦૨૧**

એલીસબ્રીજઃ શુકનભાઇ પ્રવિણકુમાર વારડે (ઉ.વ.૨૧)(રહે.શિવાની એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી રોડ જયશીવા ટાવર સામે પાંજરાપોળ આંબાવાડી) તા.૧૯/૦૩/૨૦૨૧ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે નહેરૂનગર દિપક ઓટો ગેરેજ નામની દુકાન સામે ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શુકનભાઇના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શુકનભાઇ વારડેએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ડી.પટેલ ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૨૨/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ ગીરીશભાઇ હરજીવનદાસ જોશી (રહે.રોયલ લેકવિવ ગોતા તળાવ પાસે સ્મશાનની બાજુમા ગોતા) એ તા.૦૩/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ વાગે પોતાના ઘર નજીક પોતાની મહિન્દ્રા જીતો ગાડી નંબર જીજે.૧.ઇટી ૪૧૪૮ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ગીરીશભાઈ જોષીએ તા.૧૯/૦૩/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૫૨૩/૨૦૨૧**

શહેરકોટડાઃ રમાશંકર ધરમપાલ યાદવ (ઉ.વ.૪૦)(રહે.ગરીબનગર વૈશાલી ફ્લેટ સામે બાપુનગર) તા.૧૯/૦૩/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા શહેરકોટડા લુબી કંપનીમાં મેન્ટેનન્સ વિભાગમા વેલ્ડીંગનુ કામ કરતા હતા ત્યારે ટેબલ ઉપરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાબુજી ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ થલતેજ એવલોન હોટલ પાસે અલગમા નવી બનતી સાઇટ પર રહેતા અને ત્યા જ કામ કરતા મડિયાભાઇ વેસ્તાભાઇ ભાભોર (ઉ.વ.૩૫) ની ત્રણ વર્ષની પુત્રી કિશા તા.૧૯/૦૩/૨૦૨૧ કલાક ૮/૧૫ થી કલાક ૧૧/૧૫ વાગ્યા રમતા-રમતા સાઇટના લિફટના ડગના ભાગેથી નીચે ભોંય તળિયે આવેલ પાણી ભરેલ ખાડામાં પડી જતા ગંભીર ઇજાઓ થતા અથવા પાણીમા ડુબી જવાથી તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૨૪/૨૦૨૧**

કૃષ્ણનગરઃ સાવિત્રીબહેન રામદાસ માહોર (રહે.કેવડાજીની ચાલી, બજરંગ આશ્રમ પાસે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૨૦૨૧ કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

રખિયાલઃ રખિયાલ કેશવ એસ્ટેટ ભોરેલાલ ચાલીની સામે ભારત મેટલ ઇન્ડ્રસ્ટીઝ શેડ નંબર-૧૭ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા તુલસીભાઇ બચુભાઇ ડોડિયા (ઉ.વ.૨૩) (મુળ વતન. ભાખરા તા.વિજયનગર જી.સાબરકાંઠા) એ અગમ્ય કારણસર તા.૧૭/૩/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી તા.૧૯/૩/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન રહેણાંક ખાતે ઓરડીના છતની ભાગે લાગેલ લોખંડની એન્ગલ સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.નિનામા ચલાવે છે.

રામોલઃ દશરથભાઇ મોહનલાલ પરમાર (ઉ.વ.૫૧) (રહે.નૈયા એપાર્ટમેન્ટ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૨૧ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ફ્લેટની નીચે પોતાની જાતે સળગી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૭/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી